- નવા અત્યાધુનિક, સ્માર્ટ, વધુ સુવિધા યુકત કેટલ પોન્ડ અંગે ઉપલબ્ધ બજેટની મર્યાદામાં કામગીરી કરવાની રહેશે.

D) **<u>લોકલ પોલીસ સ્ટેશનના સ્ટાફનો ટીમમાં સમાવેશ</u>** :–

- મહાનગરપાલિકાઓના ઝોન, વોર્ડની હદ રેખા તથા પોલીસના ઝોન, પોલીસ સ્ટેશનની હદ રેખા અલગ અલગ છે. ક્ષેત્રીય કામગીરીમાં ઘણી વખત સ્થાનિક પશુ પાલકો સાથે ઘર્ષણ થતુ હોય છે. તે સમયે પશુને પકડવા માટે ઘણીવાર ૧૦૦ નંબર ડાયલ કરી લોકલ પોલીસ સ્ટેશનેથી પોલીસ બોલાવવી પડે છે. ત્યારબાદ પશુ પકડવાના રાઉન્ડ દરમ્યાન ઘણી વખત એક પોલીસ સ્ટેશનની હદ પૂરી થઈ જાય છે અને અન્ય પોલીસ સ્ટેશનની હદ શરૂ થતી હોય પોલીસને ફરીથી બોલાવવી પડે છે અને તેને કારણે કામગીરીને અસર થાય છે.
- રખડતા ઢોરોના નિયંત્રણ માટે મહાનગરપાલિકાના સંબંધિત અધિકારી તરફથી રજૂઆત મળ્યેથી, પોલીસ કમિશનર વિસ્તારમાં ડી.સી.પી. કક્ષાના અધિકારી જ્યારે જિલ્લા કક્ષાએ નાયબ પોલીસ અધિક્ષક કક્ષાના અધિકારી સ્થાનિક પરિસ્થિતિ અનુસાર જરૂરી પોલીસ બંદોબસ્ત પૂરો પાડશે. ફરિયાદ નોંધવાની થતી હોય તેવા કિસ્સામાં તેઓ મહાનગરપાલિકાના સંબંધિત અધિકારીને સંપૂર્ણ સહકાર આપશે તથા મહાનગરપાલિકાના સ્ટાફ સાથે પુરતુ કોઓર્ડિનેશન કરીને રખડતા ઢોરોનું નિયંત્રણ થાય તે બાબત સુનિશ્ચિત કરવાની રહેશે.

૫...

FOR INFORMATION PURPOSE

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

E) **<u>ઢોર પકડવાની કે તેના ત્રાસને અંકુશમાં રાખવાની કામગીરીમાં ખલેલ પહોંચાડનાર ઈસમો વિરૂધ્ધ સખત પગલા લેવા</u>** :–

- છેલ્લા ઘણા સમયથી ક્ષેત્રિય કામગીરી દરમ્યાન ઢોર પકડવાની કામગીરીમાં ઘણાબધા પશુ માલિકો કે અન્ય લોકો વિક્ષેપ કરી રહયા છે. તેઓ મહાનગરપાલિકાઓ/નગરપાલિકાઓની ટીમની આગળ બાઈકો લઈ ફરે છે અને પશુઓને રોડ પરથી ભગાડી દે છે અને મહાનગરપાલિકાઓ/નગરપાલિકાઓની કામગીરીમાં વિક્ષેપ ઉભો કરે છે. વળી તેઓ રોડ ઉપરથી પશુઓને પકડતા અટકાવવા પશુને ગમે તેમ દોડાવે છે. જેના કારણે વાહન ચલાવનાર શહેરીજનો માટે અકસ્માતનું મોટું જોખમ ઉભું થાય છે. જેના નિરાકરણ માટે,
  (૧) બાઈકર્સ ગેંગ સામે પોલીસ સ્ટાફ ધ્વારા સંબંધિત કલમો અંતર્ગત પોલીસ કેસ દાખલ કરી કાયદાકીય કાર્યવાહી કરવાની રહેશે.
  (૨) મહાનગરપાલિકાઓ/નગરપાલિકાઓના વાહન ઉપર આધુનિક કેમેરા લગાવી તેના ફુટેજ સંબંધિત વિસ્તારના પોલીસ કંટ્રોલરૂમ ખાતે મળ્યેથી તેના આધારે બાઈકર્સના વ્હીકલ નંબર ઓળખી સંબંધિત જે તે વાહન માલિકને ટ્રાફીક નિયમ ભંગ અંગે ઈ–ચલણ/ચલણ પાઠવી દંડની વસુલાત તેમજ અન્ય સંબંધિત કાયદાકીય કાર્યવાહી કરવાની રહેશે.

F) **<u>ઘાસ વેચાણ માટે લાયસન્સ</u>** :–

- શહેરી વિસ્તારોમાં કોઈપણ વ્યકિતએ/સંસ્થાએ ઘાસ વેચાણ માટે પ્રવર્તમાન કાયદા/નિયમો અંતર્ગત લાયસન્સ/પરવાનગી મેળવવાનું રહેશે તથા ઘાસ કયાંથી લાવ્યા, કોને વેચ્યું તે તમામ બાબતોને લગતા રજીસ્ટર/રેકર્ડ નિભાવવાના રહેશે.

G) **<u>રોડ ઉપર ઘાસ વેચાણ – ખવડાવવાની પ્રવૃત્તિ બંધ કરવી, "Friends of cattle" નવી યોજના</u>** :–

- વિવિધ તહેવારો, ધાર્મિક પ્રસંગો, રહેણી કરણી, રૂઢિગત માન્યતાઓને કારણે જીવદયા પ્રેમી જનતા ધ્વારા પશુઓને જાહેરમાં ઘાસચારો ખવડાવવામાં આવે છે. તેને કારણે પશુ માલિકો/ઘાસ વેચનાર શખ્સો રોડ ઉપર ઘાસ લઈને વેચાણ માટે ઉભા રહે છે તથા ઘાસ ખવડાવવા માટે તેઓ પશુઓને પણ રોડ ઉપર રાખે છે, જેના કારણે વાહનોની અવરજવર માટે રોડની પહોળાઈ ઓછી થઈ જાય છે તેમજ અકસ્માતનો ભય રહે છે.
- ઉપરોકત સમસ્યાના નિવારણ અર્થે નીચે જણાવ્યા મુજબની કાર્યવાહી કરવાની રહેશે.
  ૧. કોઈપણ વ્યકિત શહેરમાં જાહેર સ્થળ, રોડ ઉપર, ફુટપાથ ઉપર કોઈપણ સંજોગોમાં ઘાસનું વેચાણ કરી શકશે નહીં. (તે અંગેનું જાહેરનામુ/સૂચના સંબંધિત વિસ્તારના સક્ષમ સત્તાધિકારીના પરામર્શમાં રહીને પ્રસિધ્ધ થાય તે બાબત સુનિશ્ચિત કરવાની રહેશે.)
  ૨. જાહેરમાં ઘાસ વેચાણ બદલ ઘાસચારો જપ્ત કરી જાહેરનામા ભંગની કાર્યવાહી કરવાની રહેશે.

૬...

FOR INFORMATION PURPOSE

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

૩. "Friends of Cattle" જેવી યોજના ચાલુ કરી શકાશે. જે અંતર્ગત કોઈપણ વ્યકિત કોઈપણ સીટી સિવીક સેન્ટર ખાતે ઘાસચારા અંગે પૈસા જમા કરાવી પહોંચ મેળવી શકશે અને મહાનગરપાલિકા તે પૈસાનો ઉપયોગ પશુઓને ઘાસ ખવડાવવા માટે કરશે. આમ કરવાથી લોકોની ધાર્મિક લાગણી પણ સચવાશે અને રોડ ઉપર ઘાસ ખવડાવવા માટે પણ નહીં આવે તથા મહાનગરપાલિકા ઉપર આર્થિક ભારણ પણ ઘટશે.

૪. ધાર્મિક મહત્વના તહેવારના દિવસે શહેરીજનો ઢોર ડબ્બા ખાતે આવીને પણ ઢોરને ઘાસ ખવડાવી શકે તે મુજબનું આયોજન કરવાનું રહેશે.

H) **<u>પશુઓને પકડવાની કામગીરી</u>** :–

- જે પણ પશુ માલિકો ધ્વારા પશુઓ ઉપર ટેગ નિયત સમયમર્યાદામાં લગાડવાની પ્રક્રિયા નહીં કરેલ હોય તેમના ઢોર જપ્ત કરવાની કાર્યવાહી કરવાની રહેશે તથા દંડની કાર્યવાહી કરવાની રહેશે.
- જો પશુ રોડ, ફુટપાથ કે જાહેર સ્થળ પર રખડતા જોવા મળે તો તેમને પકડવાની કામગીરી કરવાની રહેશે.
- પશુઓને પકડવા માટે લો–બેડ ટ્રેલરનો ઉપયોગ કરવામાં આવે છે. તેમાં પશુઓને શારીરીક રીતે ઈજા ન થાય તે માટે ખુણા, ધારી વાળી જગ્યાએ રબરના ડટ્ટા લગાડવાના રહેશે.
- સ્થાનિક પોલીસ ધ્વારા મહાનગરપાલિકાના અધિકારી/કર્મચારીની ટીમને જરૂરી બંદોબસ્ત પૂરો પાડવાનો રહેશે.

I) **<u>પશુ માલિકની જવાબદારી તથા તેમની સામે કાર્યવાહી</u>** :–

- રખડતા પશુને કારણે નાગરીકોને ગંભીર ઈજા, નુકશાન થાય તો ધી જી.પી.એમ.સી. એકટ, ૧૯૪૯ ની કલમો, પોલીસ કમિશનર/જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામા અનુસાર કાયદેસરની કાર્યવાહી કરવાની રહેશે.
- રખડતા પશુ અંગેની તમામ જવાબદારી પશુ માલિકની જ રહેશે.
- રખડતા પશુને કારણે નાગરીક/રાહદારીને જાન–માલનું નુકશાન થાય તો તે અંગે સિવિલ/ફોજદારી રાહે માલિક સામે પગલા લઈ તેની પાસેથી વળતર/વસૂલાત/નુકસાની દાવા જેવી કાર્યવાહી કરી શકાશે.
- ગંભીર ઈજા/મૃત્યુ જેવા કિસ્સામાં કેટલુ નાણાંકીય વળતર ચુકવવું તે અંગેની બાબતો નક્કી કરવાની આખરી સત્તા સંબંધિત મહાનગરપાલિકાની રહેશે.

J) **<u>પકડાયેલા ઢોર છોડવા અંગેની કાર્ય પધ્ધતિ</u>** :–

- નિયત સમયમર્યાદામાં નોંધણી નહીં કરાયેલ પશુઓને કોઈપણ સંજોગોમાં છોડવામાં આવશે નહીં.

૭...

FOR INFORMATION PURPOSE

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

- પ્રથમ વખત RFID ચીપ અને ટેગ લગાડેલ પશુ હોય પણ કોઈ કારણોસર ટેગ તૂટી ગયેલ હોય/તોડી નાંખેલ હોય તો રૂ.૫૦૦/– નો ચાર્જ લઈ ફરીથી ટેગ લગાડી દંડ, ખોરાકી ચાર્જ તથા વહીવટી ચાર્જ વસૂલ કરી છોડવામાં આવશે.
- પકડાયેલા પશુ છોડાવવાનો દંડ/ચાર્જનો દર :–

| અ.નં. | ઢોરની વિગત | દંડ (રૂપિયામાં) | ખોરાકી ચાર્જ રૂપિયામાં (એક દિવસના) | વહીવટી ચાર્જ રૂપિયામાં (એક દિવસના) |
|---|---|---|---|---|
| ૧ | હાથી | ૧૦,૦૦૦/– | ૧,૦૦૦/– | ૧,૦૦૦/– |
| ૨ | ઊંટ | ૩,૦૦૦/– | ૫૦૦/– | ૫૦૦/– |
| ૩ | ગાય, ભેંસ, બળદ | ૩,૦૦૦/– | ૫૦૦/– | ૫૦૦/– |
| ૪ | ઘોડા | ૩,૦૦૦/– | ૫૦૦/– | ૫૦૦/– |
| ૫ | ઘેટા/બકરા | ૧,૦૦૦/– | ૧૦૦/– | ૧૦૦/– |
| ૬ | ગધેડા | ૧,૦૦૦/– | ૩૦૦/– | ૩૦૦/– |
| ૭ | પાડા/પાડી | ૨,૦૦૦/– | ૩૦૦/– | ૩૦૦/– |
| ૮ | ધાવતા વાછડા/ધાવતી વાછડી તથા ધાવતા પાડા/પાડી | ૧,૦૦૦/– | ૩૦૦/– | ૩૦૦/– |
| ૯ | ડુક્કર (ભુંડ) | ૧,૦૦૦/– | ૨૦૦/– | ૨૦૦/– |

- પકડાયેલા પશુને છોડાવવાના દંડ, ખોરાકી ચાર્જ તથા વહીવટી ચાર્જમાં હાલ કોઈ વધારો સૂચવવામાં આવેલ નથી.
- જો ઢોર પ્રથમ વખત પકડાય તો ઉપર દર્શાવ્યા મુજબ દંડ, ખોરાકી ચાર્જ તથા વહીવટી ચાર્જ પકડાયેલ ઢોરને છોડવા માટે વસૂલ કરવાનો રહેશે.
- જો ઢોર બીજી વખત પકડાય તો દંડ દોઢ ગણો (૧.૫ ગણો) કરવાનો રહેશે. ખોરાકી ચાર્જ તથા વહીવટી ચાર્જ ઉપરોકત દર્શાવેલ પત્રક મુજબ લેવાનો રહેશે.
- જો ઢોર ત્રીજી વખત પકડાય તો દંડ બે ગણો (૨ ગણો) કરવાનો રહેશે. ખોરાકી ચાર્જ તથા વહીવટી ચાર્જ ઉપર દર્શાવેલ પત્રક મુજબ લેવાનો રહેશે.
- જો ત્રણ વખત કરતા વધુ વખત ઢોર પકડાશે કે ત્રણ કે તેથી વધુ વખત એક જ માલિકના જુદા જુદા ઢોર પકડાશે તો પશુ કાયમી ધોરણે જપ્ત કરવામાં આવશે અને ઢોર પરત આપવામાં આવશે નહીં તથા પશુ માલિકનું લાયસન્સ/પરમીટ રદ કરવામાં આવશે ત્યારબાદ તે વ્યકિત પશુ રાખી શકશે નહીં.
- ઉપરોકત દંડ–ચાર્જના દરમાં વખતોવખત સમીક્ષા કરી મ્યુ.કમિશનરશ્રી દર વધારી શકશે.

૮...

FOR INFORMATION PURPOSE

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

K) **<u>પશુ રાખવાની જગ્યાના દબાણો દુર કરવા – રોડ ફુટપાથ પર પશુ રાખવામાં આવતા હોય ત્યાંના દબાણો દુર કરવા</u>** :–

- નામદાર ગુજરાત હાઈકોર્ટના નિર્દેશનો મુજબ રાજય સરકારશ્રી ધ્વારા પશુઓ રાખવા માટે ભૂતકાળમાં ફાળવવામાં આવેલ પ્લોટ/જગ્યા ઉપર જો ગેરકાયદેસર બાંધકામ થયેલ હોય તો તેને દુર કરવા ધોરણસરની પ્રક્રિયા હાથ ધરી કાર્યવાહી કરવાની રહેશે. જેથી પશુ તેઓને ફળવાયેલ જગ્યામાં રહી શકે અને પશુઓ રોડ પર આવતા અટકી જાય. સાર્વજનિક રસ્તામાં પશુને કોઈપણ સંજોગોમાં બાંધી/મૂકી શકાય નહીં. (ધી જી.પી.એમ.સી. એકટ, ૧૯૪૯ કલમ–૨૩૩)
- રોડ ઉપર – ફુટપાથ ઉપર જે પણ હંગામી પ્રકારના શેડ બાંધકામ કરી પશુઓને રાખવામાં આવતા હોય તો તાત્કાલિક તે પ્રકારના દબાણ દુર કરવાની કામગીરી કરવાની રહેશે.
- જો કોઈ નવા હંગામી શેડ કરી પશુઓને રાખવામાં આવે તો તે દુર કરવા અંગે વહીવટી ચાર્જ એસ્ટેટ ખાતાએ લેવાનો રહેશે. વહીવટી ચાર્જ અંગેની વિગતો એસ્ટેટ વિભાગ ધ્વારા તૈયાર કરી મ્યુ.કમિશનરશ્રીની મંજુરી મેળવવાની રહેશે.

L) **<u>પશુઓને કારણે રોડ ઉપર ગંદકી થાય તો દંડ કરવા બાબત</u>** :–

- રોડ ઉપર રખડતા ઢોર રોડ ઉપર પણ ગંદકી કરે છે. વધુમાં ઘાસ જ્યાં રોડ ઉપર વેચાય ત્યાં ગંદકી થાય છે.
- ઘણી જગ્યાએ પશુ પાલકો રોડ ઉપર – ફુટપાથ ઉપર છાણા થાપીને ગંદકી કરતા હોય છે.
- આવા કિસ્સાઓમાં જાહેર સ્વાસ્થ્યને ધ્યાને લઈ પબ્લિક હેલ્થ બાયલોઝ/ ધી જી.પી.એમ.સી. એકટ, ૧૯૪૯ મુજબ વહીવટી ચાર્જ/દંડની કામગીરી કરવાની રહેશે. જે કિસ્સામાં વારંવાર ગંદકી થતી હોય તેવા કિસ્સામાં ભારે દંડ કરવાનો રહેશે.
- આ અંગે સંબંધિત મહાનગરપાલિકાના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ ધ્વારા વહીવટી ચાર્જ–દંડ અંગેનું પત્રક બનાવી મ્યુ.કમિશનરશ્રીની મંજુરી મેળવવાની રહેશે.

M) **<u>નો કેટલ ઝોનની અમલવારી</u>** :–

- ઢોરના વસવાટના સ્થળોની નોંધણીના આધારે નકશા ઉપર મેંપીગ મહાનગરપાલિકાના સી.એન.સી.ડી. વિભાગે કરવાનું રહેશે.
- ઢોરની જે તે સ્થળની સંખ્યા તથા શહેરના જે તે રોડ, વિસ્તારની અગત્યતાને ધ્યાને લઈ મહાનગરપાલિકાના સી.એન.સી.ડી. વિભાગ ધ્વારા એક કમિટી બનાવી સમયાંતરે શહેરના જુદા જુદા સ્થળ/રોડ માટે "નો કેટલ ઝોન" તરીકે નક્કી કરવાની કામગીરી પોલીસ વિભાગના સંકલનમાં રહી કરવાની થશે. મહાનગરપાલિકા હેઠળના વિસ્તારો પૈકી પોલીસ કમિશનરેટના કાર્યક્ષેત્રમાં આવતા વિસ્તારોમાં પોલીસ કમિશનર ધ્વારા જયારે અન્ય મહાનગરપાલિકા વિસ્તારોમાં સંબંધિત જિલ્લા મેજિસ્ટ્રેટ ધ્વારા જાહેરનામુ બહાર પાડવાનું થશે.

૯...

FOR INFORMATION PURPOSE

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

N) **<u>જપ્ત કરેલ ઢોર તથા પશુ માલિકો ધ્વારા નહીં છોડાવાયેલા ઢોર અંગેની કાર્યપધ્ધતિ</u> :–**

- સી.એન.સી.ડી. વિભાગ ધ્વારા દૈનિક પકડવામાં આવેલ પશુઓ પૈકી થોડા જ પશુઓને પશુ માલિકો ધ્વારા દંડ/ચાર્જ ભરી છોડવામાં આવે છે. જ્યારે બહોળી સંખ્યામાં ઢોર કોઈ છોડાવતું ન હોઈ તેઓને ઢોર ડબ્બે રાખવામાં આવતા હોય છે.
- હાલમાં ઢોર ડબ્બાઓની ક્ષમતાને ધ્યાને લઈને કોર્પોરેશન ધ્વારા પકડાયેલા ઢોરનો નિકાલ કરવાનો થાય જે અંતર્ગત નીચે જણાવેલ મુખ્ય ૫ મુદ્દા અંગે કામગીરી કરવાની રહેશે.
  (૧) દુધાળા પશુઓને હરાજી મારફતે શહેરની બહાર મોકલવા.
  (૨) જરૂરીયાતમંદ ખેડૂતને વાછરડા/બળદ આપવા.
  (૩) જે પશુઓને પાંજરાપોળ લઈ જવા તૈયાર હોય ત્યાં મોકલવા.
  (૪) એનિમલ હોસ્ટેલ બનાવી ઢોર ડબ્બાના પશુઓને શહેર બહાર મોકલવા.
  (૫) બાકી રહેલ પશુઓને ઢોર ડબ્બા ખાતે રાખ રખાવ કરવા.

**(૧) દુધાળા પશુઓને હરાજી (Auction)મારફતે શહેરની બહાર મોકલવા :–**

- હરાજીથી ઢોર આપવા અંગેની જોગવાઈ સબંધિત મહાનગરપાલિકાઓએ સક્ષમ સત્તાની મંજૂરી મેળવીને કરવાની રહેશે.
- દુધાળા, ખેતીલાયક કે અન્ય રીતે ઉપયોગી પશુઓને શહેર બહારના ગામડાના લાભાર્થીને જાહેર હરાજીથી આપવાના રહેશે. જાહેર હરાજી અંગે બેઝ પ્રાઈઝ નક્કી કરવા એક કમિટીની રચના કરવાની રહેશે. જેમાં વેટરનરી ડોકટર, સેનીટરી સ્ટાફ તથા પશુપાલન વિભાગ/ગૌચર વિભાગ અને અન્ય જે મ્યુ.કમિશનરશ્રી સુચવે તેવા બે સભ્યોની કમિટી બનાવવાની રહેશે. તેઓ બેઝ પ્રાઈઝ નક્કી કરવાના માપદંડ, હરાજી માટેની પારદર્શક પધ્ધતિ નક્કી કરી મ્યુ.કમિશનરશ્રીની મંજુરી મેળવી તે મુજબ કામગીરી કરશે. આ અંગેની વ્યવસ્થા–કો–ઓર્ડિનેશન સી.એન.સી.ડી. વિભાગ ધ્વારા કરવાની રહેશે.

**(૨) જરૂરીયાત મંદ ખેડૂતોને વાછરડા/બળદ આપવા. (વિનામૂલ્યે/નિશ્ચિત મૂલ્યથી)**

- **<u>વિનામૂલ્યે</u> :–**

  શહેરની હદથી ૫૦ કિ.મી. દુરના ખાતેદારોને કે જે જમીન ધારણ કરતા હોય, ૭–૧૨, ૮–અ માં નામ હોય તેવા કૃષિ અને સહકાર વિભાગ, પશુપાલન વિભાગ, ગૌ સેવા–ગૌચર વિભાગ વિગેરે સહકારી વિભાગ બોર્ડના પરિપત્ર મુજબ માન્ય અમલીકરણ એજન્સીઓને/એજન્સી મારફતે જરૂરીયાતમંદ ખેડુતોને વાછરડા/બળદ વિગેરે પશુઓ તેઓના સ્વખર્ચે પરિવહન કરી સોંપવાની નવી વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

૧૦...

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

- **<u>નિશ્ચિત મૂલ્યથી</u>** :–

  રાજ્ય સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, પશુપાલન વિભાગ, ગૌ સેવા–ગૌચર વિભાગ વિગેરે વિભાગો ધ્વારા માન્યતા પ્રાપ્ત થયેલ સંસ્થાને કેટલ પોન્ડમાંથી આવા પશુઓ લઈ જવાની, તેઓ કહે તે ખેડૂતોને નિયત ચાર્જથી પશુઓ સોંપવાની નવી વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

  જે અંગેનો નિર્ણય હરાજી માટે (મુદ્દા નં. ૧) ઉપર સુચવ્યા મુજબ બનાવેલ કમિટી ધ્વારા કરવાનો રહેશે.

**(૩) પશુઓને પાંજરાપોળ જેવી સંસ્થામાં મોકલવા.**

- જે પશુઓને પશુ માલિકો છોડાવી ને જાય તે પશુઓને પાંજરાપોળ ખાતે મોકલવાના રહેશે. જે અંગેનો ખર્ચ સંબંધિત મહાનગરપાલિકાઓએ સક્ષમ સત્તાની મંજૂરી મેળવીને કરવાનો રહેશે, જે ઢોરને હરાજીથી આપી શકાય તેવા ઢોરને હરાજીથી આપ્યા બાદ જ બાકી રહેતા ઢોર પાંજરાપોળ જેવી સંસ્થામાં આપવાના રહેશે.

**(૪) રાજ્ય સરકારશ્રી ધ્વારા ગૌચરની જમીન ફાળવવામાં આવ્યા બાદ એનિમલ હોસ્ટેલ બનાવી ત્યાં પશુઓને મોકલવા.**

- મહાનગરપાલિકાઓ ધ્વારા રાજ્ય સરકારશ્રીની મદદથી શહેરી હદથી દુરના વિસ્તારમાં ગૌચરની જમીન મળશે તે બાદ ત્યાં સરકારના સંબંધિત વિભાગની સહાયથી એનીમલ હોસ્ટેલ શરૂ કરવાનું આયોજન કરવામાં આવશે. જે અંગે કોર્પોરેશન ધ્વારા તેની કેપીટલ કોસ્ટ તથા તેના મરામત–નિભાવ અંગેના ખર્ચ માટે રાજ્ય સરકારની સંપૂર્ણ/આંશિક નાણાંકીય મદદ મેળવી એનીમલ હોસ્ટેલ કાર્યરત કરવાની રહેશે, સદર એનિમલ હોસ્ટેલ સંપૂર્ણ સુવિધાયુકત સ્વચ્છ અને આધુનિક ઢબે બનાવવામાં આવશે. કોર્પોરેશન ધ્વારા ઢોર ડબ્બાના વધારાના ઢોર એનીમલ હોસ્ટેલ ખાતે મોકલી શકાશે. આ અંગેની કાર્ય પધ્ધતિ સી.એન.સી.ડી. વિભાગ અભ્યાસ કરી અલગથી રજુ કરશે. સી.એન.સી.ડી. વિભાગ ધ્વારા સરકારના સંબંધિત વિભાગ સાથે સંકલન કરી ગ્રાંટ મેળવવી તથા અન્ય કામ કરવાના રહેશે, સદર હોસ્ટેલના સંચાલન માટે રાજ્ય સરકારના પશુપાલન કે ગૌ–સેવા વિભાગ સાથે એમ.ઓ.યુ. કરી તેઓ મારફતે જાળવણી/રાખ–રખાવ થાય તે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

O) **<u>એનીમલ હેલ્પલાઈન</u>** :–

- મહાનગપાલિકાઓ ધ્વારા પશુ માલિકોને મુંજવતા પ્રશ્નો બાબતે, પશુઓના સ્વાસ્થ્ય બાબતે, પશુઓની જાળવણી તથા નિભાવ, રસીકરણ વિગેરે જેવા મુદ્દાઓ અંગે એક એનીમલ હેલ્પ લાઈન ચાલુ કરવામાં આવશે. જ્યાં પશુ પાલકોને પુરતુ માર્ગદર્શન આપવામાં આવશે તથા સમયાંતરે IEC એકટીવીટી કરવામાં આવશે.

૧૧...

FOR INFORMATION PURPOSE

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

P) **<u>અન્ય મુદ્દાઓ</u>** :–

- પશુ માલિક ધ્વારા તેના પશુમાં RFID ચીપ અને ટેગ લગાડેલ છે કે કેમ તે અંગે પશુ વાડામાં જઈ સ્કેનર/રીડર મશીનથી ઢોર પકડતી ટીમ ધ્વારા ચકાસણી કરવામાં આવશે.
- નવા જન્મનાર તથા મૃત્યુ પામનાર પશુની વિગતો પશુ માલિક ધ્વારા મહાનગરપાલિકાઓને આપવાની રહેશે. જેથી રીયલ ટાઈમ ડેટા મળી શકશે. આ અંગે જરૂરી રેકર્ડ કીપીંગ તથા અન્ય આનુષાંગિક કામગીરી સી.એન.સી.ડી. વિભાગે કરવાની રહેશે.
- ઉપરોકત સઘળી કામગીરી નીચે દર્શાવેલ વિવિધ કાયદાઓ/જોગવાઈઓ હેઠળ કરવાની રહેશે.

ધી જી.પી.એમ.સી. એકટ, ૧૯૪૯ ની કલમ–૩૭૬ માં થયેલ જોગવાઇઓ, લાયસન્સ–પરમીટ મેળવવા માટેની શરતો તથા નિયત અરજી પત્રક જેવા પરિશિષ્ટ દરખાસ્ત સાથે સામેલ છે.

- ધી જી.પી.એમ.સી. એકટ–૧૯૪૯ ના શીડયુલ ચેપ્ટર–૧૪ રૂલ્સ ૨૨ મુજબ કોઇપણ પશુ માલિકે શહેરમાં પશુ રાખવા માટે પરમીટ મેળવવી ફરજીયાત રહેશે. પરમીટ મેળવ્યા સિવાય તે શહેરમાં પશુ રાખી શકશે નહીં.
- ધી જી.પી.એમ.સી. એકટ ૧૯૪૯ ની કલમ–૩૭૬ મુજબ પશુ રાખવાનો, વેચવાનો દુધ વેચાવાનો કે અન્ય હેતુસર વિગેરે વ્યવસાય અથવા પ્રવૃત્તિ શહેરમાં લાયસન્સ મેળવીને કરવાની રહેશે, તે સિવાય પ્રવૃત્તિ કરી શકાશે નહીં.
- લાયસન્સ/પરમીટ વાળી જગ્યા ઉપર દુધાળા પશુ રાખવા માટે ધી જી.પી.એમ.સી. એકટ ૧૯૪૯ ની કલમ–૩૭૬(૧) મુજબ અલાયદુ લાયસન્સ લેવાનું ફરજીયાત રહેશે.
- પશુ માલિક પશુ ધારકે જાહેરનામુ પ્રસિધ્ધ થયેથી શહેરમાં પશુ રાખવા માટે પરમીટ, લાયસન્સ, દુધાળા પશુ રાખવાનું લાયસન્સ ૯૦ દિવસમાં મેળવવાનું રહેશે.

**ઠરાવ નં.૧૪૩૭/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.**

પ્રો.રા.જનરલ બોર્ડ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા. –૯–૨૦૨૩.

HDP.

FOR INFORMATION PURPOSE

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૮–૯–૨૦૨૩ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

******

મ્યુ.કમિશનરશ્રીના તા.૫–૯–૨૦૨૩ ના પત્ર નં.સી.સ્થા.સ./૬૩૫ થી વિદિત થઈ, સાઉથ ઝોન, ટી.પી. સ્કીમ નં.૬૩ (વડોદ), ફા.પ્લોટ નં.૧૫૪ થી ફા.પ્લોટ નં.૯૭/એ સુધીના ૨૪.૦૦ મી. પહોળા ટી.પી. રોડ પર એન.પી.–૩ વર્ગની ૨×૧૬૦૦ મી.મી. વ્યાસની સ્ટોર્મ ડ્રેનેજ લાઈન નાંખવાના કામે ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ કરી માંગવામાં આવેલ ટેન્ડરોના સંદર્ભમાં નિયત સમયમર્યાદામાં આવેલ કુલ–૮ ટેન્ડરો પૈકી કવોલિફાઈડ થયેલ કુલ–૭ ટેન્ડરો પૈકી સૌથી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર મે. એ. કે. પટેલનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૧,૦૯,૦૩,૨૪૨–૪૦ થી ૩૦.૩૦% નીચુ એટલે કે રૂા.૭૫,૯૯,૫૫૯–૯૫ નું બિનશરતી ટેન્ડર, ટેન્ડરની શરતો અને સ્પેસીફીકેશનને આધિન વ્યાજબી જણાતુ હોય કબુલ રાખવાનું તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં.૧૪૩૮/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.**

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા. –૯–૨૦૨૩.

HDP.

FOR INFORMATION PURPOSE

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

## સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૮–૯–૨૦૨૩ ના

## રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

મ્યુ.કમિશનરશ્રીના તા.૫–૯–૨૦૨૩ ના પત્ર નં.સી.સ્થા.સ./૬૩૬ થી વિદિત થઈ, સેન્ટ્રલ ઝોન દક્ષિણ વિસ્તારમાં આવેલ વિવિધ મ્યુ.સ્ટાફ કવાટર્સમાં સીવીલ રીપેરીંગ અને મેઈન્ટેનન્સ કરવાના કામે સ્થાયી સમિતિ ઠરાવ નં.૧૬૯૬/૨૦૨૨, તા.૨૦–૧૦–૨૦૨૨ થી મંજુર થયેલ યુનિટ રેઈટના ભાવો અને શરતો મુજબ કરવા લેખિત સંમતિ આપનાર એકમાત્ર ઈજારદાર એન.પી. રૂપાવટીયાને અંદાજી રકમ રૂા.૪૦,૯૭,૬૮૫–૩૦ થી ૨૯.૭૭% નીચા ભાવે એટલે કે રૂા.૨૮,૭૭,૮૦૫/– ના ખર્ચે ઉકત કામ સોંપવાનું તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં.૧૪૩૯/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.**

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.    –૯–૨૦૨૩.

HDP.

FOR INFORMATION PURPOSE

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૮–૯–૨૦૨૩ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

******

મ્યુ.કમિશનરશ્રીના તા.૫–૯–૨૦૨૩ ના પત્ર નં.સી.સ્થા.સ./૬૩૭ થી વિદિત થઈ, સેન્ટ્રલ ઝોન ઉત્તર વિસ્તારમાં આવેલ મ્યુ.હેલ્થ સેન્ટરના કાર્યક્ષેત્ર વિસ્તારમાં નવા હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર શરૂ કરવાના કામે વિવિધ હયાત મિલ્કતોમાં સીવીલ રીપેરીંગ અને મરામત કરવાના કામે સ્થાયી સમિતિ ઠરાવ નં.૧૬૯૬/૨૦૨૨, તા.૨૦–૧૦–૨૦૨૨ થી મંજુર થયેલ યુનિટ રેઈટના ભાવો અને શરતો મુજબ કરવા લેખિત સંમતિ આપનાર એકમાત્ર ઈજારદાર કે. કે. સોરઠીયાને અંદાજી રકમ રૂા.૪૧,૬૨,૪૩૬–૫૦ થી ૨૯.૭૭% નીચા ભાવે એટલે કે રૂા.૨૯,૨૩,૨૭૯–૧૫ ની મર્યાદામાં ઉકત કામ સોંપવાનું તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં.૧૪૪૦/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા. –૯–૨૦૨૩.

HDP.

FOR INFORMATION PURPOSE

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

**સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૮–૯–૨૦૨૩ ના**

**રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–**

******

મ્યુ.કમિશનરશ્રીના તા.૫–૯–૨૦૨૩ ના પત્ર નં.સી.સ્થા.સ./૬૩૯ થી વિદિત થઈ, આગામી ગણેશ વિસર્જન–૨૦૨૩ નિમિત્તે પૂર્વ ઝોન–એ, ટી.પી. સ્કીમ નં.૬૦ (પુણા), ફા.પ્લોટ નં.આર/૪૫ ખાતે કૃત્રિમ તળાવો બનાવવા અને ગણેશ પ્રતિમાઓના વિસર્જન માટે જરૂરી મશીનરીઓ, મેન પાવર, બેનર પુરા પાડવાના કામે શોર્ટ ટર્મ ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ કરી માંગવામાં આવેલ ટેન્ડરોના સંદર્ભમાં નિયત સમયમર્યાદામાં આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી કવોલિફાઈડ થયેલ કુલ–૨ ટેન્ડરો પૈકી નીચા ભાવ ભરનાર ટેન્ડરર મેસર્સ જે.એન. ભંડેરીનું રૂા.૩૨,૩૪,૧૫૦/– નું ટેન્ડર, તેઓએ તેમના તા.૨૯–૮–૨૦૨૩ ના પત્રથી કાર્યપાલક ઈજનેરશ્રી, પૂર્વ ઝોન–એ ને ઉદ્દેશીને આપેલ લેખિત સંમતિને આધિન વ્યાજબી જણાતુ હોય કબુલ રાખવાનું તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં.૧૪૪૧/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.**

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.    –૯–૨૦૨૩.

HDP.

FOR INFORMATION PURPOSE

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

**સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૮–૯–૨૦૨૩ ના**

**રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–**

******

મ્યુ.કમિશનરશ્રીના તા.૮–૯–૨૦૨૩ ના પત્ર નં.સી.સ્થા.સ./૬૪૪ થી વિદિત થઈ, સેન્ટ્રલ ઝોનના નિવૃત્ત ડેપ્યુટી ઈજનેરશ્રી રાજેશકુમાર દામોદરદાસ સુખડીયા, પી.પી.ઓ. નં.૧૬૮૩૭ એ પોતાની પત્ની શ્રીમતી દિપ્તીબેન રાજેશકુમાર સુખડીયાની કેન્સર (K/C/O/ CANCER RIGHT BREAST WITH RIGHT AXILLARY + SUPRACLAVICULAR NODE + LIVER METS) ની સારવાર (Second Line Chemotherapy Treatment - KADCYLA-TDM 1 Drug) ભરત કેન્સર હોસ્પિટલ એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટ, સુરત ખાતે કરાવવા માટે કીમોથેરાપીની વીસમી સાયકલ માટે થનાર અંદાજીત ખર્ચ રૂા.૪,૩૦,૦૦૦/– ના ૭૫% લેખે રૂા.૩,૨૨,૫૦૦/– (અંકે રૂપિયા ત્રણ લાખ બાવીસ હજાર પાંચસો પુરા) SHRI BHARTIMAIYA MEMORIAL FOUNDATION ના નામનો ડ્રાફટ/ચેકથી એડવાન્સ ચુકવવાનું અને પાછળથી રિકુપમેન્ટ કરવાનું મંજુર કરવામાં આવે છે.

**ઠરાવ નં.૧૪૪૨/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.**

---

**સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,**

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા. –૯–૨૦૨૩.

HDP.

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

FOR INFORMATION PURPOSE

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૮–૯–૨૦૨૩ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

******

મ્યુ.કમિશનરશ્રીના તા.૮–૯–૨૦૨૩ ના પત્ર નં.સી.સ્થા.સ./૬૪૫ થી વિદિત થઈ, સ્મીમેર હોસ્પિટલ ખાતે સ્ટાફ નર્સ તરીકે ફરજ બજાવતા કર્મચારીશ્રી હેતલબેન જયદીપ ડાભી, કર્મચારી નં.૩૨૩૯૯ એ પોતાની કેન્સર (CARCINOMA RIGHT BREAST) ની સારવાર (Chemotherapy Treatment) શ્રીમતી આર. બી. શાહ મહાવીર સુપર સ્પેશીયાલીટી હોસ્પિટલ, સુરત ખાતે કરાવવા માટે કીમોથેરાપીની ચોથી સાયકલ માટે થનાર અંદાજીત ખર્ચ રૂા.૩,૦૭,૬૮૪/– ના ૭૫% લેખે રૂા.૨,૩૦,૭૬૩/– (અંકે રૂપિયા બે લાખ ત્રીસ હજાર સાતસો ત્રેસઠ પુરા) SMT. R. B. SHAH MAHAVIR SUPER SPECIALITY HOSPITAL ના નામનો ડ્રાફ્ટ/ચેકથી એડવાન્સ ચુકવવાનું અને પાછળથી રિકુપમેન્ટ કરવાનું મંજુર કરવામાં આવે છે.

**ઠરાવ નં.૧૪૪૩/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.**

---

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.    –૯–૨૦૨૩.

HDP.

FOR INFORMATION PURPOSE

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૮–૯–૨૦૨૩ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

******

મ્યુ.કમિશનરશ્રીના તા.૬–૯–૨૦૨૩ ના પત્ર નં.સી.સ્થા.સ./૬૪૦ થી વિદિત થઈ, તેમાં જણાવેલ સઘળી માહિતી ધ્યાને લઈ, ધી ગુજરાત કલીનીકલ એસ્ટાબ્લીશમેન્ટ (રજીસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન) એકટ–૨૦૨૧ નો તા.૧૩–૯–૨૦૨૨ ના રોજ રાજયમાં અમલીકરણ થતા અને તા.૨૮–૯–૨૦૨૨ ના રોજ ધી ગુજરાત કલીનીકલ એસ્ટાબ્લીશમેન્ટ (રજીસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન) રૂલ્સ–૨૦૨૨ ઘડવામાં આવતા, સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ ધ્વારા "ધી બોમ્બે નર્સિંગ હોમ રજીસ્ટ્રેશન એકટ, ૧૯૪૯" હેઠળ માસિક સાધારણ સભા ઠરાવ નં.૨૩૦/૨૦૧૮, તા.૨૯–૬–૨૦૧૮ મુજબ ખાનગી નર્સિંગહોમ/હોસ્પિટલના રજીસ્ટ્રેશન/ રીન્યુઅલની થતી કામગીરી બંધ કરવા આ સમિતિ સામાન્ય સભાને ભલામણ કરે છે.

**ઠરાવ નં.૧૪૪૪/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.**

---

પ્રો.રા.જનરલ બોર્ડ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.    –૯–૨૦૨૩.

HDP.

FOR INFORMATION PURPOSE

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૮–૯–૨૦૨૩ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

******

મ્યુ.કમિશનરશ્રીના તા.૮–૯–૨૦૨૩ ના પત્ર નં.સી.સ્થા.સ./૬૪૬ થી વિદિત થઈ, ચાલુ વર્ષે નવરાત્રી દરમ્યાન રાસ–ગરબાના કાર્યક્રમનું વ્યાવસાયિક ધોરણે આયોજન કરવા હેતુ પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઈનડોર સ્ટેડિયમની ટેન્ડર પધ્ધતિથી ફાળવણી કરવાના કામે ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ કરી માંગવામાં આવેલ ટેન્ડરોના સંદર્ભમાં નિયત સમયમર્યાદામાં ઓફર આપનાર એકમાત્ર ટેન્ડરર ડેસ્ટીની ગૃપ એન્ટરટેનર્સ પ્રા.લિ., સુરતની દિન–૧૦ માટે રૂા.૨૫,૦૦,૦૦૦/– ની ઓફર, તેઓએ તેમના તા.૬–૯–૨૦૨૩ ના પત્રથી એડીશનલ સીટી ઈજનેરશ્રી (સીવીલ) ને ઉદ્દેશીને આપેલ લેખિત સંમતિને આધિન મંજુર કરવાનું તથા તેના અનુસંધાને આગળની આનુષાંગિક કાર્યવાહી કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં.૧૪૪૫/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.**

---

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.    –૯–૨૦૨૩.

HDP.

FOR INFORMATION PURPOSE

**સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૮–૯–૨૦૨૩ ના**

**રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–**

* * * * * *

મુખ્ય અન્વેષકશ્રીના તા.૬–૯–૨૦૨૩ ના પત્ર નં.ઓડીટ/ટ્રેઝરી/૬૩/૨૦૨૩–૨૪ થી વિદિત થઈ, ઓડીટ ઓફિસના સને ૨૦૨૨–૨૦૨૩ ની કામગીરીના અહેવાલની ધી બી.પી.એમ.સી. એક્ટ, ૧૯૪૯ ની કલમ–૧૦૬ (૩) હેઠળ જાણ લેવામાં આવે છે.

**ઠરાવ નં.૧૪૪૬/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.**

---

**સ.ર.મુખ્ય અન્વેષકશ્રી પ્રતિ,**

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા. –૯–૨૦૨૩.

HDP.

FOR INFORMATION PURPOSE

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૮–૯–૨૦૨૩ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

ઈ.ચા.મ્યુ.સેક્રેટરીશ્રીના તા.૪–૯–૨૦૨૩ ના પત્ર નં.એમ.એસસી./ઈએસટી./૧૦૭ થી વિદિત થઈ, તા.૨૫–૮–૨૦૨૩ ના રોજ સવારના ૧૧:૦૦ કલાકે મળેલ માસિક સાધારણ સભામાં હાજર રહેલ પદાધિકારીશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, મ્યુ.કમિશનરશ્રી, અધિકારીશ્રીઓ, પત્રકારશ્રીઓ અને કર્મચારીશ્રીઓ માટે સવારના ચા–નાસ્તાનો રૂા.૨૫,૩૫૮/– + અને બપોરના લંચનો રૂા.૧,૯૩,૫૧૫/– મળી કુલ રૂા.૨,૧૮,૮૭૩/– નો થયેલ ખર્ચ મંજુર કરવાનું તથા તેની જાણ લેવાનું તેમજ થયેલ કુલ ખર્ચ પૈકી રૂા.૨૫,૩૫૮/– નો બજેટહેડ "એકા.કોડ નં.૨૪૮૧–સરભરા ખર્ચ (મા.મેયરશ્રી સહિત) ખાતે તથા રૂા.૧,૯૩,૫૧૫/– નો બજેટહેડ "એકા.કોડ નં.૨૪૯૯–અન્ય પરચુરણ ખર્ચ" ખાતે ખર્ચ પાડી NEEYA ENTERPRISE Formaly Known As SHREEJI CATERERS ના નામનું બીલ બનાવી તેઓને ચુકવવાની મંજુરી આપવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં.૧૪૪૭/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.**

આસી.સેક્રેટરીશ્રી,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.    –૯–૨૦૨૩.

HDP.

FOR INFORMATION PURPOSE

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૮–૯–૨૦૨૩ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

ઈ.ચા.મ્યુ.સેક્રેટરીશ્રીના તા.૮–૯–૨૦૨૩ ના પત્ર નં.એમ.એસસી./ઈએસટી/૧૧૦ થી વિદિત થઈ, સેક્રેટરી ઓફિસના બીજી શ્રેણી કલાર્ક શ્રીમતી હેતલ દિપેન ઉપાધ્યાય, કર્મચારી નં.૩૮૦૫૧ ના તા.૫–૯–૨૦૨૩ ના પત્ર મુજબ તેઓ અંગત કારણસર માહે સપ્ટેમ્બર–૨૦૨૩ થી ડીસેમ્બર–૨૦૨૩ સુધીમાં વિદેશ પ્રવાસે "થાઈલેન્ડ, સીંગાપોર અને મલેશીયા" જનાર હોવાથી તેઓને "વીઝા" મેળવવા અને "વિદેશ પ્રવાસ" કરવા જવાની પરવાનગી આપવા અંગે "ન વાંધા પ્રમાણપત્ર (NOC)" ઈસ્યુ કરવાની મંજુરી આપવામાં આવે છે.

ઠરાવ નં.૧૪૪૮/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.

આસી.સેક્રેટરીશ્રી,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.    –૯–૨૦૨૩.

HDP.

FOR INFORMATION PURPOSE

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૮–૯–૨૦૨૩ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

******

ઈ.ચા.મ્યુ.સેક્રેટરીશ્રીના તા.૮–૯–૨૦૨૩ ના પત્ર નં.એમએસસી/ઈએસટી/૧૧૧ થી વિદિત થઈ, સેક્રેટરી ઓફિસ ધ્વારા માહે ઓગષ્ટ–૨૦૨૩ દરમ્યાન દરખાસ્ત સાથે સામેલ પત્રક–"A" માં જણાવેલ વિગતે કુલ રૂા.૧,૮૫,૦૪૦–૬૨ તથા પત્રક–"B" માં જણાવેલ વિગતે કુલ રૂા.૮૯,૩૦૬/– ના થયેલ ખર્ચની ધી જી.પી.એમ.સી. એકટ, ૧૯૪૯ ની કલમ–૭૩ (ડી) હેઠળ જાણ લેવાનું તેમજ પત્રક–"B" માં જણાવેલ વિગતે થયેલ ખર્ચ અંગે ટેન્ડર ન મંગાવવાની થયેલ અનિયમિતતા ધી જી.પી.એમ.સી. એકટ, ૧૯૪૯ ના અનુસુચિ–ક ના પ્રકરણ–૫ ના નિયમ–૨(૨) ના પ્રોવાઈઝો અનુસાર કોન્ડોન કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં.૧૪૪૯/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.

આસી.સેક્રેટરીશ્રી,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.    –૯–૨૦૨૩.

HDP.

FOR INFORMATION PURPOSE

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

સ્થાયી સમિતિ, અધ્યક્ષશ્રી પરેશભાઈ રમેશચંદ્ર પટેલની

એજન્ડા વ.કા.નં.૯. તા.૮–૯–૨૦૨૩ ની દરખાસ્ત.

* * * * * *

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૮–૯–૨૦૨૩ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

Dhoraji Memon Trust ના પત્રથી વિદિત થઈ, તેઓ ધ્વારા એક શૈક્ષણિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતુ, તે માટે તેઓને રાંદેર ઝોન ખાતે આવેલ દિવાળી બાગ કોમ્યુનિટી હોલ તા.૩–૯–૨૦૨૩ ના રોજ ફકત વિના ભાડે ફાળવવાની કાર્યોત્તર મંજુરી આપવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં.૧૪૫૦/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.

---

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા. –૯–૨૦૨૩.

HDP.

FOR INFORMATION PURPOSE

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

સ્થાયી સમિતિ, અધ્યક્ષશ્રી પરેશભાઈ રમેશચંદ્ર પટેલની

એજન્ડા વ.કા.નં.૧૦. તા.૮–૯–૨૦૨૩ ની દરખાસ્ત.

* * * * * *

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૮–૯–૨૦૨૩ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

અખિલ ભારતીય માનવાધિકાર ફરિયાદ સંઘના પત્રથી વિદિત થઈ, તેઓ ધ્વારા માનવ અધિકાર જનજાગૃતિ અને સાંસ્કૃતિક સેમિનારના આયોજન માટે સંસ્થાના સભ્યશ્રી ખુરશીદઅલી બસીરઅલીના નામે ઉધના ઝોન–એ ખાતે આવેલ ભેસ્તાન (બીઆરટીએસ) કોમ્યુનિટી હોલ તા.૧૦–૯–૨૦૨૩ ના રોજ બુક કરાવેલ હોય, તેઓના બુકીંગ મુજબ તેઓને સદર કોમ્યુનિટી હોલ ફકત વિના ભાડે સરકારશ્રીની જે તે સમયની કોવિડ ગાઈડલાઈનનો અમલ કરવાની તેમજ હોલનો કોઈપણ પ્રકારનો વ્યાપારીક ઉપયોગ ન કરવાની શરતો સહિત ફાળવવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં.૧૪૫૧/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.

---

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા. –૯–૨૦૨૩.

HDP.

FOR INFORMATION PURPOSE

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

સ્થાયી સમિતિ, અધ્યક્ષશ્રી પરેશભાઈ રમેશચંદ્ર પટેલની

એજન્ડા વ.કા.નં.૧૧. તા.૮–૯–૨૦૨૩ ની દરખાસ્ત.

* * * * * *

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૮–૯–૨૦૨૩ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

શ્રી સંતસેના મહારાજ નાભિક(નાયી) સમાજ મંડળના પત્રથી વિદિત થઈ, તેઓ ધ્વારા એક ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવનાર હોય, તે માટે તેઓને નોર્થ ઝોન ખાતે આવેલ સિંગણપોર મલ્ટીપર્પઝ હોલ તા.૧૧–૯–૨૦૨૩ ના રોજ તેઓના બુકિંગ મુજબ ફકત વિના ભાડે સરકારશ્રીની જે તે સમયની કોવિડ ગાઈડલાઈનનો અમલ કરવાની તેમજ હોલનો કોઈપણ પ્રકારનો વ્યાપારીક ઉપયોગ ન કરવાની શરતો સહિત ફાળવવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં.૧૪૫૨/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.**

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા. –૯–૨૦૨૩.

HDP.

FOR INFORMATION PURPOSE

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

સ્થાયી સમિતિ, અધ્યક્ષશ્રી પરેશભાઈ રમેશચંદ્ર પટેલની

એજન્ડા વ.કા.નં.૧૨. તા.૮–૯–૨૦૨૩ ની દરખાસ્ત.

* * * * * *

**સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૮–૯–૨૦૨૩ ના**

**રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–**

* * * * * *

શ્રી સીમંધર મુનિસુવ્રત સ્વામી શ્વેતામબર મુર્તી પૂજક જૈન સંઘ ટ્રસ્ટના પત્રથી વિદિત થઈ, તેઓ ધ્વારા ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવનાર હોય, તે માટે તેઓને રાંદેર ઝોનમાં આવેલ પાલ કોમ્યુનિટી હોલ તા.૧૨–૯–૨૦૨૩ થી તા.૧૯–૯–૨૦૨૩ સુધી તેઓના બુકિંગ મુજબ ફકત ફકત વિના ભાડે સરકારશ્રીની જે તે સમયની કોવિડ ગાઈડલાઈનનો અમલ કરવાની તેમજ હોલનો કોઈપણ પ્રકારનો વ્યાપારીક ઉપયોગ ન કરવાની શરતો સહિત ફાળવવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં.૧૪૫૩/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.**

---

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.   –૯–૨૦૨૩.

HDP.

FOR INFORMATION PURPOSE

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

સ્થાયી સમિતિ, અધ્યક્ષશ્રી પરેશભાઈ રમેશચંદ્ર પટેલની

એજન્ડા વ.કા.નં.૧૩. તા.૮–૯–૨૦૨૩ ની દરખાસ્ત.

* * * * * *

**સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૮–૯–૨૦૨૩ ના**

**રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–**

* * * * * *

92.7 Big FM ના પત્રથી વિદિત થઈ, તેઓ ધ્વારા ગણેશ ચતુર્થીના દિવસે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવનાર હોય, તે માટે તેઓને સાયન્સ સેન્ટરમાં આર્ટ ગેલેરી અને મ્યુઝિયમ વચ્ચે આવેલ ખુલ્લી જગ્યા તા.૨૦–૯–૨૦૨૩ ના રોજ વિના મૂલ્યે સરકારશ્રીની જે તે સમયની કોવિડ ગાઈડલાઈનનો અમલ કરવાની તેમજ જગ્યાનો કોઈપણ પ્રકારનો વ્યાપારીક ઉપયોગ ન કરવાની શરતો સહિત ફાળવવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં.૧૪૫૪/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.**

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા. –૯–૨૦૨૩.

HDP.

FOR INFORMATION PURPOSE

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

સ્થાયી સમિતિ, અધ્યક્ષશ્રી પરેશભાઈ રમેશચંદ્ર પટેલની

એજન્ડા વ.કા.નં.૧૪. તા.૮–૯–૨૦૨૩ ની દરખાસ્ત.

* * * * * *

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૮–૯–૨૦૨૩ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

K P Sanghvi Religious Trust ના પત્રથી વિદિત થઈ, તેઓ ધ્વારા નવરાત્રિના તહેવાર નિમિત્તે માતાજીના ગરબાનું આયોજન કરવામાં આવનાર હોય, તે માટે તેઓને અઠવા ઝોનમાં સાયન્સ સેન્ટરની સામે ટી.પી. નં.૪ (ઉમરા સાઉથ), ફા. પ્લોટ નં.૪૦, ૪૧ પૈકીનો સુરત મહાનગરપાલિકાનો ખુલ્લો પ્લોટ તા.૧૫–૧૦–૨૦૨૩ થી તા.૨૪–૧૦–૨૦૨૩ સુધી ફકત ભાડા તથા ડીપોઝીટમાંથી મુકિત આપી સરકારશ્રીની જે તે સમયની કોવિડ ગાઈડલાઈનનો અમલ કરવાની તેમજ જગ્યાનો કોઈપણ પ્રકારનો વ્યાપારીક ઉપયોગ ન કરવાની શરતો સહિત ફાળવવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં.૧૪૫૫/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.**

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા. –૯–૨૦૨૩.

HDP.

FOR INFORMATION PURPOSE

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

સ્થાયી સમિતિ, અધ્યક્ષશ્રી પરેશભાઈ રમેશચંદ્ર પટેલની

એજન્ડા વ.કા.નં.૧૫. તા.૮–૯–૨૦૨૩ ની દરખાસ્ત.

* * * * * *

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૮–૯–૨૦૨૩ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

શ્રી કોંઝર ગ્રામસ્થ મંડળ, સુરતના પત્રથી વિદિત થઈ, તેઓ ધ્વારા વાર્ષિક ઈનામ વિતરણ અને બ્લડ ડોનેશન કેમ્પનું અયોજન કરવામાં આવનાર હોય, તે માટે તેઓને રાંદેર ઝોનમાં આવેલ પાલ કોમ્યુનિટી હોલ તા.૨૯–૧૦–૨૦૨૩ ના રોજ તેઓના બુકીંગ મુજબ ફકત વિના ભાડે સરકારશ્રીની જે તે સમયની કોવિડ ગાઈડલાઈનનો અમલ કરવાની તેમજ જગ્યાનો કોઈપણ પ્રકારનો વ્યાપારીક ઉપયોગ ન કરવાની શરતો સહિત ફાળવવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં.૧૪૫૬/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.**

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા. –૯–૨૦૨૩.

HDP.

FOR INFORMATION PURPOSE

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

સ્થાયી સમિતિ, અધ્યક્ષશ્રી પરેશભાઈ રમેશચંદ્ર પટેલની

એજન્ડા વ.કા.નં.૧૬. તા.૮–૯–૨૦૨૩ ની દરખાસ્ત.

******

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૮–૯–૨૦૨૩ ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

******

Anand Infra ના પત્રથી વિદિત થઈ, તેઓ ધ્વારા રાંદેર ઝોનમાં ટી.પી. નં.૩૧ (અડાજણ), ફાયનલ પ્લોટ નં.૭૦ ખાતે પ્રોજેકટ શરૂ કરવામાં આવેલ હોય અને પ્રોજેકટના કામ માટે અરજીમાં જણાવેલ વિગતે ઉપયોગ થાય તે માટે તેઓને રાંદેર ઝોનમાં ટી.પી. સ્કીમ નં.૩૧ (અડાજણ), ફાયનલ પ્લોટ નં.૫૧ ખાતે આવેલ સુરત મહાનગરપાલિકાના ખુલ્લા પ્લોટની ૧૩૮૯૬ ચો.મી. જગ્યા પૈકી ૨૫૦૦ ચો.મી. જગ્યા લાગત ઝોન ધ્વારા માર્કીંગ કરીને આપેલ જગ્યાથી વધારે ચોરસ મીટર જગ્યાનો ઉપયોગ કરતા માલુમ પડે તો આખા પ્લોટનું પ્રતિદિન પ્રતિ ચોરસ મીટર નિર્ધારીત કરવામાં આવેલ ભાડુ વસુલ કરવાની શરતો સહિત તા.૧૫–૮–૨૦૨૩ થી વધુ ૬ મહિના માટે રૂા.૦.૭૫/– પ્રતિ ચોરસ મીટર/પ્રતિદિન ભાવથી ત્રણ માસનું ભાડુ ડીપોઝીટ પેટે લઈને દર મહિને એક માસનું ભાડુ એડવાન્સમાં જમા લઈ મહાનગરપાલિકા ધ્વારા ભવિષ્યમાં અમલમાં આવનારા નવા નીતિ–નિયમોમાં ભાડાની રકમ નિર્ધારીત થયા બાદ તે પ્રમાણે વસુલાત કરવાની શરતે, ફાળવાયેલ પ્લોટમાં થતી પ્રવૃત્તિથી પર્યાવરણને નુકશાન નહીં થાય તેમજ હવા પ્રદુષણના ઈફેકટીવ નિયંત્રણ અંગે ફાળવાયેલ પ્લોટમાં થતી પ્રવૃત્તિથી ધુળના રજકણો હવામાં ફેલાય નહીં અને આજુ–બાજુની મિલ્કતોમાં વસવાટકર્તા રહીશોના સ્વાસ્થ્યને અવળી અસર નહીં થાય તેની તકેદારી સંબંધિત તમામ પગલા લેવાની શરતે, પ્લોટ સંબંધે થનાર તમામ પ્રકારના કાયદાકીય કેસ સંદર્ભે નામદાર કોર્ટમાં કાર્યરત દાવા પ્રકરણ અન્વયેના અંતિમ હુકમ બંધનકર્તા રહેશે. આ અંગે જે ખર્ચ થશે એ અરજદારે ભરવાની શરતે અને આ શરતો અરજદાર જે તે સમયે મંજુર ન રાખે તો દિન–૧૫ માં આ પ્લોટ તાકીદે ખાલી કરી આપવાની શરતે ફાળવવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં.૧૪૫૭/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.**

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા. –૯–૨૦૨૩.

HDP.

FOR INFORMATION PURPOSE

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

સ્થાયી સમિતિ, અધ્યક્ષશ્રી પરેશભાઈ રમેશચંદ્ર પટેલની

એજન્ડા વ.કા.નં.૧૭. તા.૮–૯–૨૦૨૩ ની દરખાસ્ત.

* * * * * *

**સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૮–૯–૨૦૨૩ ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–**

* * * * * *

THE AMORE BANQUETS ના પત્રથી વિદિત થઈ, તેઓને અંગત વપરાશ માટે જગ્યાની જરૂરીયાત હોય, તે માટે તેઓને અઠવા ઝોનમાં ટી.પી. નં.૪ (રૂંઢ–મગદલ્લા), ફાયનલ પ્લોટ નં.૬૭ ખાતે આવેલ સુરત મહાનગરપાલિકાના ખુલ્લા પ્લોટની ૧૭૯૦ ચો.મી. જગ્યા ૬ માસ માટે રૂા.૦.૭૫/– પ્રતિ ચોરસ મીટર/પ્રતિદિન ભાવથી માત્ર એક વખત બે માસનું ભાડુ ડીપોઝીટ પેટે લઈને દર મહિને એક માસનું ભાડુ એડવાન્સમાં જમા લઈ મહાનગરપાલિકા ધ્વારા ભવિષ્યમાં અમલમાં આવનારા નવા નીતિ–નિયમોમાં ભાડાની રકમ નિર્ધારીત થયા બાદ તે પ્રમાણે વસુલાત કરવાની શરતે તથા ઉપરોકત પ્લોટનો કોઈપણ પ્રકારનો વ્યાપારીક ઉપયોગ ન કરવાની શરતે તેમજ ભવિષ્યમાં સુરત મહાનગરપાલિકાને ઉપરોકત પ્લોટની જરૂરીયાત ઉભી થાય તો આ મંજુરી રદ કરવાની શરતે, જો આ શરતો અરજદાર જે તે સમયે મંજુર ન રાખે તો દિન–૧૫ માં આ પ્લોટ તાકીદે ખાલી કરી આપવાની શરતે ફાળવવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં.૧૪૫૮/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.**

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા. –૯–૨૦૨૩.

HDP.

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

FOR INFORMATION PURPOSE

સ્થાયી સમિતિ, અધ્યક્ષશ્રી પરેશભાઈ રમેશચંદ્ર પટેલની

એજન્ડા વ.કા.નં.૧૮. તા.૮–૯–૨૦૨૩ ની દરખાસ્ત.

* * * * * *

**સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૮–૯–૨૦૨૩ ના**

**રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–**

* * * * * *

Hariprabodham Foundation ના પત્રથી વિદિત થઈ, તેઓ ધ્વારા આયોજીત એક ધાર્મિક સત્સંગ સભાના કાર્યક્રમ માટે તેઓએ ટ્રસ્ટના વહીવટકર્તા શ્રી મુકેશ ભોજના નામથી નોર્થ ઝોન ખાતે આવેલ સિંગણપોર મલ્ટીપર્પઝ હોલ તા.૨૬–૮–૨૦૨૩ ના રોજ બુક કરાવેલ હોય, તેઓના બુકિંગ મુજબ તેઓને સદર કોમ્યુનિટી હોલ ફકત વિના ભાડે ફાળવવાની કાર્યોત્તર મંજુરી આપવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં.૧૪૫૯/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.**

---

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા. –૯–૨૦૨૩.

HDP.

FOR INFORMATION PURPOSE

સ્થાયી સમિતિ, અધ્યક્ષશ્રી પરેશભાઈ રમેશચંદ્ર પટેલની

એજન્ડા વ.કા.નં.૧૯. તા.૮–૯–૨૦૨૩ ની દરખાસ્ત.

* * * * * *

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૮–૯–૨૦૨૩ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

SHREE JINKUSHALSURI BARMER JAIN SHREE SANGH (TRUST) ના પત્રથી વિદિત થઈ, તેઓ ધ્વારા એક સામાજીક અને ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતુ, તે માટે તેઓને વરાછા ઝોન–એ ખાતે આવેલ ડો.શ્યામાપ્રસાદ મુખરજી કોમ્યુનિટી હોલ તા.૨૧–૮–૨૦૨૩ ના રોજ ફકત વિના ભાડે ફાળવવાની કાર્યોત્તર મંજુરી આપવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં.૧૪૬૦/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા. –૯–૨૦૨૩.

HDP.

FOR INFORMATION PURPOSE

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"